

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*(રજત જયંતી વર્ષ)*

*માણસ-ખપ પડે તૈંયે જ મોઢું ફેરવી લે છે,*
*છોડી દે સાથ ધીમેકથી, સંબંધો સેરવી લે છે,*
*મેરવી દે ખટાશ, ફાડી નાખે લાગણીનાં દૂધ -*
*નાજૂક હૈયાં આવા આઘાતો પણ જીરવી લે છે!?*

**હાઈકુ**

*છેં ખેંચતાણ -*
*માયા ને ભક્તિ વચ્ચે -*
*મળે ન મુક્તિ...*

*મળે છે સદા -*
*સંપૂર્ણ સમર્પણે -*
*ગજેન્દ્ર-મોક્ષ...*

### ચિંતન

*અન્યાશ્રયાણાં ત્યાગઃ અનન્યતા ।*

ઉપરોક્ત સૂત્ર ભક્તિસૂત્રમાંતી લેવામાં આવેલ છે.

પોતાના પ્રિયતમ ભગવાન સિવાય બીજા બધા આશ્રયોનો ત્યાગ એટલે અનન્યતા.

બીજા આશ્રયોનો ત્યાગ આપણા નિત્ય જીવનની અસર ભક્તિના વિકાસ પર પડે છે. કામનાઓ અને વાસનાઓ સાધકને તકલીફ આપ્યા જ કરે છે. ભગવાનની કથા સાંભળવી અને તેનાં ગુણગાન ગાવાં વગેરે રીતિ સિવાય બીજા કોઈ સાધનનો ભક્તે ઉપયોગ ન કરવો જોઈએ. ભક્ત તો ભગવાન સિવાય કોઈને ઓળખતો નથી ભગવાન જ તેનું સર્વસ્વ છે.

ભક્ત ભગવાન સિવાય કોઈનું અસ્તિત્વ માનતો નથી, તો પછઈ બીજા કોઈનો આશ્રય મેળવવાની વાત જ ક્યાં રહી? આ જગતના ઉત્પાતમાંથી ભગવાન સિવાય કોઈ બચાવી શકે નહીં. આથી જ ભક્ત ભગવાન સિવાય કોઈના પર આધાર રાખતો નથી, કારણ કે ભગવાન અવિનાશી અને દયાશીલ છે.

### સુવિચાર

- એ દિલ ફિર તો ખુશી હી ખુશી હૈ... ગમ સે અગર સમજૌતા કર લેં - **નઈમ કિરમાની**
- ફૂલમાં સુગંધ, તલમાં તેલ, લાકડામાં અગ્નિ,
  દૂધમાં ઘી અને શેરડીમાં રસ તેમ દેહમાં -આત્મા એજ પરમાત્મા - **જીવન પાથેય**
- જળ વરાળરૂપે વાદળ બને, વ્યક્તિ કરુણારુપે માનવ બને - **એસ. ભટ્ટાચાર્ય**
- દિવ્ય ગુણ જેવો કોઈ શણગાર નહીં - **યોગ વશિષ્ઠ**
- થઈ ગયો છે જયઘોષ, હવે તો વાર થશે, સમયની રાહ છે જિંદગી, પછી તારોય સંહાર થશે - **બેફામ**
- બાપાનો ઠપકો ખાધેલા સંતાનો, માસ્તરે કરેલી સજા ભોગવી ચૂકેલા વિદ્યાર્થીઓ, અને સોનીએ ટીપેલું સોનું,આ બધા છેવટે ઘરેણાં જ થાય છે - **સાંઈરામ દવે**
- આજનું ઔષધ : લવીંગનો પાઉડર, આદુનો રસ અને મધ સરખે ભાગે લઈ સવાર-બપોર-સાંજ-રાત ચાટવાથી માઈગ્રેન મટે છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

જયારે બાજીરાવ પેશ્વાની સેનાએ નિઝામની ફોજને ચારેબાજુથી ઘેરી લીધી હતી. અનાજ-પાણી-હથિયાર મળવાના રસ્તા બંધ થઈ ચૂક્યા હતા. અને સેના ભૂખે મરવામાં હતી. ઈદનો તહેવાર નજીક આવતા નિઝામે પેશ્વાને પત્ર લખ્યો, 'શું અમારા સૈનિકોને તહેવારના દિવસોમાં પણ ભૂખે મરવું પડશે? અમે તો એવું સાંભળ્યું છે કે પેશ્વા માટે સર્વધર્મ સમાન ગણાય છે અને પેશ્વા બહાદુર હોવાની સાથે સાથે રહેમદિલ પણ છે...!! તે ભૂખ્યાને ભોજન કરાવે છે અને પોતાના ભૂખ્યા દુશ્મનો પર પ્રહાર નથી કરતા.' પેશ્વાને પત્ર મળ્યો. મનમાં ગડમથલ થતાં તેમણે એમના અતિ વિશ્વાસુ પ્રધાનો સામે આ પત્ર મૂક્યો. અને કહ્યું, 'આપ સૌ આપનો અભિપ્રાય આપો.' સૌ પ્રધાનોનો એક જ અભિપ્રાય આવ્યો. 'નિઝામ ઉપર દયા કરવી ઠીક નથી, ભલે એમના સૈનિકો તહેવારના દિવસોમાં ભૂખ્યા હોય. તેઓ આપણા દુશ્મન છે. એમને કમજોર સમજવાની ભૂલ ન કરવી. અને તેમની દયા પણ ન ખાવી જોઈએ.' પ્રધાન મંડળનો અભિપ્રાય સાંભળી પેશ્વા બોલ્યા, 'મરાઠા વીર છે,પરંતુ સાથે જ મનુષ્ય પણ છે. વીરતા કહે છે કે શત્રુને પરાજિત કરવો જોઈએ, પરંતુ માનવતાનો તકાઝો એ છે કે ભૂખ્યા શત્રુને ભોજન કરાવવું જોઈએ. ભોજન પાણી ન મળવાથી કમજોર શત્રુને પરાજિત કરવામાં મોટાઈ નથી.' પેશ્વાને નિઝામને માટે અન્ન-પાણીનો પૂરતો જથ્થો આપવા આજ્ઞા કરી. નિઝામને પેશ્વાની માણસાઈનો અહેસાસ થયો.

# કડકડતી ઠંડીમાં પણ આંદોલન પરાકાષ્ઠાએ

**તંત્રીસ્થાનેથી...**

સમસ્ત ઉત્તર ભારત સહિત ગુજરાતમાં તીવ્ર શીતલહેર ફરી વળી છે. ઠંડા ઉત્તર દિશાના પવનો સીધા જ ઘર આંગણે હિલ સ્ટેશનનો અનુભવ કરાવી રહ્યા છે. આ કોલ્ડ વેવને કારણે કોવિડ જેવો જ કરફ્યૂ દલાઈ ગયો છે. તબિયત માટે ખુશનુમા ગણાતી માપની ઠંડી કરતાં પણ ઠંડી જરા વધારે કાતિલ છે. એથી શ્વસનતંત્રના દર્દીઓને વધુ તકલીફ થઈ શકે અને લોહીની નળીઓ સંકોચાઈ જવાથી હૃદયરોગના દરદીઓ પણ મુશ્કેલીમાં મુકાઈ શકે. વળી આવી કાતિલ ઠંડીમાં ડિપ્રેશનમાં પણ વધારો થતો હોય છે અને કોરોનાના વાઈરસ માટે પણ વધુ અનુકૂળ પરિસ્થિતિ સરજાય છે. પરંતુ આવી કાતિલ ઠંડીમાં પણ પંજાબ-હરિયાણાના આંદોલન પર બેઠેલા કિસાનોએ અડીખમ રહી સરકાર સામેનો મોરચો મજબૂત કરતા રહેવાનો નિરધાર કર્યો છે. સુપ્રીમ કોર્ટે સૂચવેલ સમિતિ પર પણ એમને ભરોસો નથી. તેઓ સીધા જ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે ચર્ચા કરવા માગે છે અને કૃષિ સુધારા કાનૂન પૂરેપૂરો પાછા ન ખેંચાય ત્યાં સુધી એમની લડત ચાલુ રાખવા કૃતસંકલ્પ છે. મોદી પણ અંદરથી હચમચી ગયાં છે. તેઓ બે હાથ જોડીને અને મસ્તક નમાવીને ખેડૂતો સાથે કોઈ પણ મુદ્દા પર ચર્ચા વિચારણા કરવા તૈયાર છે. કૃષિ કાયદા ખેડૂતોના હિતમાં જ પસાર કર્યા હોવાનું જણાવીને ઉમેરે છે કે અનેક કૃષિ તજજ્ઞો અને અર્થશાસ્ત્રીઓ સાથે તથા ખેડૂત નેતાઓ સાથે ઊંડી અને વિગતવાર ચર્ચાવિચારણા કર્યા પછી જ આ કાયદા પસાર કરેલ છે - એમાં કશી ઉતાવળ નથી કરી. બલકે કોંગ્રેસની સરકારે આવી જ ભલામણો કરેલી પણ એ ઢંઢેરામાં આપેલ વચનો પાળી નહોતી શકી જે અમે પાળી બતાવ્યાં છે. ખેડૂતોને અમે માત્ર એમની ખેતપેદાશો વધુ બાવે વેચવાનો અને કોર્પોરેટ કંપનીઓ સાથે કરાર કરવાનો વધુ એક વિકલ્પ આપ્યો છે. ખેડૂતો માર્કેટ યાર્ડો બંધ થઈ જશે એવી દહેશત સેવે છે તે બરાબર નથી. તેઓ પરંપરાગત રીતે પણ માલ વેચી શકશે અને ટેકાના ભાવ પણ મળતા રહેશે. આટલી સ્પષ્ટતા પછી પણ ખેડૂતો કૃષિ કાયદાઓમાં કોઈ સુધારા કે ઉમેરણ સૂચવવા માગતા હોય તો સરકાર એમની વાત સાંભળવા તૈયાર છે.

જોકે મોદીના આવા વિનમ્ર નિવેદન પછી પણ ખેડૂતોના વલણમાં ફરક પડવાની સંભાવના ઘણી જૂજ છે. એમને તો પાકો વહેમ છે કે કોર્પોરેટ ગૃહો એમની જમીનો પચાવી પાડશે અને ખેડૂતને એવા લોકોના આશ્રિત બની જીવવું પડશે. દસ સંસ્થાઓના તજજ્ઞ અર્થશાસ્ત્રીઓએ પણ કેન્દ્ર સરકારને પત્ર લખી કૃષિ કાયદા પરત ખેંચવાની ભલામણ કરી છે. એમણે તારણ કાઢ્યું છે તે મુજબ નાના અને સીમાંત ખેડૂતો માટે આ નવા કૃષિ કાયદા અત્યંત નુકશાનદાયક સાબિત થશે. એક તરફ કેન્દ્ર સરકાર દિલ્હીનો ઘેરાવ કરીને બેઠેલા પંજાબ અને હરિયાણા તથા ઉત્તરપ્રદેશના ખેડૂતોના ધરણાનો પ્રશ્ન ઉકેલવામાં પડી છે તો બીજી તરફ એને પોતાના રાજકીય વજૂદને વિકસાવવાની ચાનક ચડી છે. પશ્ચિમ બંગાળમાં એ કોઈ પણ સંજોગોમાં ભ્રષ્ટ મમતા સરકારને ગબડાવવા અને ચૂંટણી ટાણે રાષ્ટ્રપતિ શાસન લાદી ભાજપની બહુમતી લાવવા આકાશપાતાળ એક કરી રહી છે. ગૃહમંત્રી અમિત શાહે મોરચો સંભાળ્યો છે. એમને કુનેહપૂર્વક એક સમયના મમતાના પરમ વિશ્વાસુ મુકુલ રોયને હાથ પર લઈ એક પછી એક તૃણમૂલ કોંગ્રેસના કાંગરા ખેરવવા માંડ્યા છે. કેટલાક ધારાસભ્યોએ મમતાની હિટલરશાહીથી કંટાળી તૃણમૂલ કોંગ્રેસમાંથી રાજીનામાં આપી દઈ કેસરિયો ધારણ કરી લીધો છે. મમતા બેનરજીના પગ નીચેથી ધરતી ખસી રહી છે. એમની મુસ્લિમ વોંટબેકમાં ગાબડાં પાડવા માટે ઓવૈસી ટાંપીને બેઠા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગમે તેવી પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ એમના રાજકીય લક્ષ્યાંકો પૂરા કરનારા નેતા છે. બિહારમાં નીતીશકુમારને નગણ્ય બનાવી દીધા પછી કયારેક જયાં ભાજપ માટે પગ મૂકવાની જગ્યા નહોતી એવા પશ્ચિમ બંગાળમાં 'દીદી'ને એમની હેસિયત બતાવી દેવા એમને સામ, દામ, દંડ, ભેદની રાજનીતી શરૂ કરી છે. કોરોનાગ્રસ્ત રાષ્ટ્ર શું આવી રાજકીય પ્રવૃત્તિને થોડા વખત પૂરતી સ્થગિત ન કરી શકે? ગુજરાતમાં પણ મહાનગરપાલિકાઓની ચૂંટણી આવતાં ફરી એકવાર રેલીઓ અને સભાઓ ચાલુ થઈ જશે. શી ખાતરી કે એથી માંડ નિયંત્રણમાં આવેલ કોરોનાને વધુ એક વાર દિવાળીના તહેવારો જેવો છૂટો દોર નહીં મળે?

# સંબંધના પછવાડે પાંગરતો પ્રબંધ!



**આરપાર**
રાઘવજી માધડ

એક વડીલ વાતના બદલે અફસોસ વધારે કરતા હતા.મેં પૂછ્યું:'શું થયું એતો કહો?'તો માયકાંગલું મોં કરીને કહે:'સોનાની જાળ પાણીમાં નાખી દીધી!' પ્રશ્નાર્થભરી નજરે તેઓના સામે જોતો રહ્યો. 'મેં કયારેય એ સાહેબને કામ કહ્યુ નહોતું. પણ આ દીકરા માટે કહેવું પડ્યું...ને તેઓએ ના પાડી દીધી.' પછી કહે :'મારી જાતી જિંદગીએ આજ સુધીના સંબંધ માથે પાણી ફરી વળ્યું!' સામે જવાબમાં કહેવાનું મન થઈ આવ્યું: 'કોઈનો પ્રેમ, સંબંધ, સદભાવ કયારેય ઓછો હોતો નથી. પણ કયાંક આપણી અપેક્ષાઓ વધી ગઈ હોય છે !'

ખરેખર તો કામ પડ્યે કોઈ માણસ સારો નહીં ! મારા લાયક કાંઈ કામ હોયતો કહેજો... ને ખરા સમયે ખસીને ફસકી જનારાઓ પાર વગરના હોય છે. પણ બીજી બાજુ વિચારીએ તો, તેમની કોઈ મર્યાદા હશે, કામ થઈ શકે એવું નહીં હોય તેથી ના પાડી હશે. અને કહ્યું એટલે કામ થવું કે કરવું જ જોઈએ એવું પણ કોણે કહ્યું? પણ આ બધું મનમાં ઘર કરી ગયું હોય છે. તેમાં સંબંધ કરતાં તેના પછવાડે જાણે-અજાણ્યે પણ પાંગરેલો પ્રબંધ ખાસ જવાબદાર હોય છે.આ ભૌતિકયુગના ભોગવાદ ને તકવાદમાં કશા જ કારણ વગરના સંબંધની કલ્પના કરવી મુશ્કેલ લાગે છે. કારણ વગર કોઈને મિસ્ડકોલ કરવાનું પણ માણસ ટાળે કે વાળે એવી નાજુક ને નફફટ સ્થિતિમાંથી માણસ પસાર અને પરેશાન થઈ રહ્યો છે.

પણ આ બધું સર્વથા સાચું નથી.રણની વચ્ચે પણ ઝરણ હોય છે. ઘોર અંધકારમાં પણ ખૂણે-ખાંચરે સંબંધની ગરવાઈ, નરવાઈનો ઉજાસ પાથરતાં દીવડાં ટમટમતાં હોય છે. વતનમાં ગામડે જાઉં... ને એવાં સ્વ જનને મળું.પાસે બેસું તો બળબળતા બપોરે, શીતળ છાંયા તળે બેઠો હોઉં એવી શાતા વળે.ખબર-અંતર પૂછે... ને પછી, કોઈ જાતની અપેક્ષા વગર અંતરના ઊંડાણને ઉલેચી અનરાધાર આશીર્વાદ વરસાવે,ગદ ગદિત થઈ જવાય. હા,આજે યાદ પણ નથી આવતું કે તેઓએ કયારેય કોઈ કામ કહ્યું હોય ! પણ આવા દીવડા કાળની કારમી થપાટે ને ઝપાટે બુઝાતા કે નંદવાતા જાય છે ત્યારે બે ઘડી ખિન્ન થઈ જવાય છે.

સેલફોનની રીંગ વાગે ને મનમાં ધ્રાસકો પડે છે. હમણાં કોઈ કામ કે અપેક્ષાને સ્યુગર કોટેડ શૈલીમાં રજુ કરશે. કામ થઈ શકે એવું નહીં હોય તો પણ,મનને ગમે નહીં તેવા ઠાલાં આશ્વાસન આપવા પડશે. સાચું કહેવાના બદલે સારું લાગે એવું કહેવું પડશે. ઘણીવાર ખોટું નહીં પણ સાચું કહેવાથી સંબંધ બગડતા હોય છે. પણ કોઈ એવું કહે : કોઈ કામ વગર, સુવાણે ફોન કર્યો છે... આવું સાંભળતા જ બત્રીસ કોઠે દીવા પ્રગટે !

કોઈ સંબંધને ફૂટપટ્ટીથી માપવો ને પછી કાપવો સરળ હોતો નથી. સંસારના તાણાવાણા વિવિધ સંબંધથી ગૂંથાયેલા હોય છે. અલગ કરવા બેસો તો હાથમાં દોરા ને લીરા સિવાય કાંઈ ન રહે.ભલે સંબંધની ઈમારત અપેક્ષાની ઈંટોથી ચણાતી હોય પણ દરેક સંબંધની એક હદ, મર્યાદા હોય છે.બધાની સાથે બધું જ એક સરખું લાગું પાડી શકાય નહીં. કોઈના સાથે માત્ર સ્મિતનો સંબંધ હોય તો વળી કોઈ સાથે આંખ લડાવ વાનો મીઠો કે ઘૂરકાવવાનો ખારો સંબંધ હોય! ક્યાંક મૌન રહેવાનાને ક્યાંક ગર્જનાના પણ સંબંધ હોય છે.

દરેક માણસને સારા ને સાચા,નિર્મળ ને નિર્ભેળ એવા સ્વચ્છ સંબંધ રાખવા અને નિભાવવા છે.પણ શું કરે...માણસ સંસાર લઈને બેઠો છે. અંગત નહીં તો પારાવારિક પ્રશ્નો અને જરૂરિયાતો સંબંધને સળી કર્યા વગર રહેવા દેતા નથી. ક્યાંક સંબંધનો ઉપયોગ કરવો પડે. પણ વધારે પડતી અપેક્ષાઓ સંબંધને દઝાડતી ને બગાડતી હોય છે. ક્યાં, કેટલી હદ સુધીનું હોય... એ સમજાય જાયતો સંબંધની સુવાસ આપોઆપ પ્રસરે !

**છેલ્લે :**

**સ્નેહના સંબંધમાં, પુરુષ મોડો આવે તો ચિંતા થાય પણ સ્ત્રી મોડી આવે તો શંકા જાય છે !**

# મહીસાગરનો શબ્દ : સાચવી રાખવા જેવો દીપોત્સવી ગ્રંથ




**મોરપીંછના રંગ**
ડૉ. કનૈયાલાલ ભટ્ટ

આપણી ભાષામાં સાહિત્ય, સર્જકો, સ્વરૂપો, વાદ-વિવાદ તથા ગ્રંથો ઉપર સંશોધનાત્મક કામ ખૂબ થયું છે પણ આજ સુધી કોઈ સાહિત્યિક સંસ્થા ઉપર સંશોધનાત્મક કાર્ય (પીએચ.ડી) થયાનું જાણમાં નથી. આપણે ત્યાં સાહિત્યિક સંસ્થા ચલાવવાની કોઈ ધારા ધોરણો નિશ્ચિત થયા નથી. માત્ર નિશ્ચિત સમયમાં મહિને બે મહિને બધા મળીને પોતપોતાનું લખાણ એકબીજાને સંભળાવી, વખાણી છૂટ્ટા પડી અખબારોમાં પ્રેસનોટ છપાવવી એ સંસ્થાનું મુખ્ય કાર્ય બની જાય ત્યારે સંસ્થા, સાહિત્ય અને સમાજ સામે પ્રશ્નો ઊભા થાય છે. કોઈપણ સાહિત્યિક સંસ્થાનું સાહિત્યિક પ્રદાન શું ? એનું સાચું સામાજિક અને સાહિત્યિક દાયિત્વ શું ? સંસ્થા કેટલા વર્ષોથી ચાલે છે તે મહત્વનું નથી પણ સંસ્થા દ્વારા કેટલા સર્જકો ઘડાયા ? એના કેટલા સર્જકોએ સંસ્થા અને શહેરનું ગૌરવ વધાર્યુ ? એ પણ જરૂરી છે. અને સાથે સાથે સંસ્થા દ્વારા યોજાતા કાર્યક્રમોનું. પ્રકાશિત થતા પ્રકાશનોનું સાહિત્યિક મૂલ્ય હોવું પણ જરૂરી છે.

મહીસાગર સાહિત્ય સભાનો જન્મ કવિ શ્રી રમેશ ઠક્કરના એક વિચારબીજમાંથી વર્ષ ૨૦૧૮માં જ થયો છે. માત્ર બે વર્ષના ટૂંકા ગાળામાં લુણાવાડામાં ચાલતી આ સંસ્થા જિલ્લાની અગ્રિમ સાહિત્યિક સંસ્થા બની જાય છે. જેના દ્વારા અહીંયા ગુજરાતી ભાષાના અનેક નામી કવિ – સર્જકોની મુલાકાતો, વ્યાખ્યાનો, કવિસંમેલનો યોજાય છે. આ સંસ્થાના પ્રથમ પ્રકાશન રૂપે આ વર્ષે દીપોત્સવી ''મહીસાગરનો શબ્દ'' અંકનું પ્રાગટ્ય કર્યું છે. મોટેભાગે દીપોત્સવી અંકો એક વાર જોઈ - વાંચી લીધા પછી પસ્તીમાં જતા હોય છે. કેમ કે એમાં સાહિત્ય ઓછું ને જાહેરાતો વધુ કે બિન સાહિત્યિક લખાણો વધારે હોય છે. વળી આવા દીપોત્સવી અંક મોટેભાગે અખબારો કે સામયિકો પ્રગટ કરતા હોય છે. કોઈ સંસ્થા દીપોત્સવી અંક પ્રગટ કરે એવું બહું ઓછું બને છે. આ વખતે બે સંસ્થાઓના દીપોત્સવી અંકો ધ્યાનપાત્ર બન્યા છે. ગાંધીનગર સાહિત્ય સભાનો ''શબદ'' અંક પણ એકપણ જાહેરાત વિનાનો અંક છે. પરંતુ જે વિશેષ ધ્યાન ખેંચે છે તે મહીસાગર સાહિત્ય સભાનો '' મહીસાગરનો શબ્દ'' છે. આ દીપોત્સવી અંકની મુખ્ય વિશેષતા એ છે કે એ સંપૂર્ણ સાહિત્યિક સૂઝબૂઝથી પ્રકાશિત કરવામાં આવ્યો છે. વળી એની સાઈઝ પણ ડેમીથી થોડી મોટી હોવાથી એને ગ્રંથાકારે ઘરની લાયબ્રેરીમાં રાખી શકાય એમ છે. જો કે કોઈપણ ગ્રંથની સાચવણી કે મૂલવણી એના આકારથી કે બાહ્યસૌંદર્યથી નથી થતી પણ એમાં પ્રકાશિત રચનાઓની ગુણવત્તાથી થતી હોય છે.

ગુજરાતી સાહિત્યમાં સર્જનમાં પ્રાદેશિકતાનું વિશેષ મહત્વ રહ્યું છે.




જેમ મેઘાણીમાં સૌરાષ્ટ્ર ધબકે છે, પન્નાલાલમાં ઉત્તર ગુજરાત ધબકે છે તેમ મહીસાગર નદીનો આ પવિત્ર પ્રદેશ સર્જકો માટે ખૂબ જ પ્રેરણાદાયક રહ્યો છે. આ પ્રદેશે આપણી ભાષાને અનેક ઉત્તમ સર્જકો આપ્યા છે. તે અંગેનો લેખ અભ્યાસૂ અધ્યાપક શ્રી રાજેશ વણકરે આપ્યો છે જેમાં તેઓએ આ પ્રદેશમાં મહાભારત કાળના ભીમ અને હિડીમ્બાના પ્રણયરાગથી લઈને મધ્યકાલના સર્જકોનું સ્મરણ કરીને અર્વાચીનના નંદશંકર મહેતાથી આરંભી રાવજી પટેલ, રૂસ્વા મઝલૂમી, જયેશ ભોગાયતા, ભરત મહેતા, ર.વ.દેસાઈ, ચન્દ્રકાંત શેઠ, ચન્દ્રકાંત ટોપીવાળા જેવા સર્જકો વિવેચકો આ ભૂમિ પર કલમકાર્ય કરી ગયા છે. તો વળી આ ભૂમિ જેમનું વતન છે એવા સર્જકોમાં પુંજાભાઈ દલવાડી, જયંત પાઠક, રમણ પાઠક, સરોજ પાઠક, કુંદનિકા કાપડિયા, વિનોદ ગાંધી, બાબુ સુથાર, ચન્દ્રશંકર ભટ્ટ, પ્રવીણ ખાંટ, વિનુ બામણિયા, સતીશ પ્રિયદર્શી, રાજેશ વણકર, કાનજી પટેલ, મનોજ શાહ, કુમાર જૈમિની શાસ્ત્રી, પદ્મશ્રી ડૉ. પ્રવીણ દરજી, ડૉ. મણિલાલ હ. પટેલ, શ્રી રમેશ ઠક્કર, રિષભ મહેતા, સુધીર દેસાઈ, તારિણીબેન દેસાઈ, સંસ્કૃતિરાણી દેસાઈ, સતીન દેસાઈ, શ્યામ ઠાકોર, ડૉ. કિશોર વ્યાસ, દક્ષેશ ઠાકર, શરદ ઠાકર, કમલ જોશી, નરેન્દ્ર જોશી વગેરે ઉપરાંત બીજા અનેક નામી નવોદિત સર્જકોની નોંધ લઈને શ્રી રાજેશભાઈએ લેખ દ્વારા સર્જકોનું અને આ ધરતીનું ગૌરવ વધાર્યું છે. તો વળી સંસ્થાના સંયોજક શ્રી નરેન્દ્ર જોશી અને રમેશ વાઘેલાએ મહીસાગર સાહિત્ય સભાની ભૂમિકા અને પ્રવૃત્તિઓની નોંધ આપી છે. શ્રી પ્રવીણ દરજી અને શ્રી રમેશ ઠક્કરે સંપાદકીયમાં મહીસાગરના શબ્દશિલ્પીઓને પુરા ભાવથી આવકાર્યા છે.

આ દીપોત્સવી અંકના પદ્ય વિભાગમાં ૩૯ અછાંદસ કાવ્યો, બે વૃત્તબદ્ધ કાવ્યો, ૧૯ ગીતો, ૪૨ ગઝલો, ૧૩ બાળકાવ્યો અને ત્રણ હાઈકુઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. જ્યારે ગદ્યવિભાગમાં સર્જક શ્રી કાનજી પટેલ રચિત નવલકથા ''ભીલની ભોંય''નો અંશ '' સરાડિયાની હોળી '' અહીંની મશેરી સંસ્કૃતિના અને લોકબોલીના ગૌરવને ઉજાગર કરે છે, તો વળી ૧૭ ટૂંકીવાર્તાઓ, ત્રણ લઘુકથાઓ, બે નાટકો, છ નિબંધો અને એક બાળવાર્તા પ્રકાશિત કરવામાં આવી છે. જ્યારે છેલ્લે જેઓ આ પ્રદેશના નથી પણ આ સંસ્થાના અતિથિ કવિ કે સર્જક તરીકે ઉપસ્થિત રહ્યા છે તેવા સર્જકોમાં શ્રી પ્રતાપસિંહ ડાભી, રાજેશ વ્યાસ 'મિસ્કીન', કનૈયાલાલ ભટ્ટ, પ્રીતિ શર્મા, મધુ રાય, રજનીકુમાર પંડ્યા, ઉમાકાંત રાજ્યગુરુ અને ભાગ્યેશ જહાની પદ્ય અને ગદ્ય કૃતિઓ પણ સમાવાયેલી છે. જેમાં બે કાવ્યો, ચાર ટૂંકીવાર્તા, એક નિબંધ અને એક વિચારકથા સામેલ છે.

સૌ પ્રથમ તો આ દીપોત્સવી અંકની વિશેષતા એ છે કે એમાં માત્ર મહીસાગરની ધરતીની સંસ્કૃતિની મહેક છે. આ પ્રદેશના સર્જકોની કલમો છે. અને આ અંકનો અભ્યાસ કરતા ખ્યાલ આવે છે કે આ પ્રદેશમાં કેટલું બધુ કામ થઈ રહ્યું છે. વળી સંસ્થાએ આ બે વર્ષના ટૂંકા ગાળામાં કેટલા બધા સર્જકોને સાંકળીને એમની કલમોને ઘડી છે. જેઓ ગુજરાતી ભાષાના મુખ્ય પ્રવાહમાં પહેલેથી જ સક્રિય છે. જેઓએ ભાષા અને સાહિત્યને ગૌરવ બક્ષ્યું છે એવા વરિષ્ઠ સર્જકોના માર્ગદર્શનથી અહીંના નવોદિત કવિઓની, સર્જકોની કલમોને પણ ધાર મળી છે. એ અહીં જોઈ શકાય છે. અહીં રજુ થયેલી એકેય કૃતિઓ નબળી નથી. તેથી દરેક રચનાને પણ યોગ્ય સ્થાન મળ્યું છે.

આ પ્રદેશના સર્જકોના ઉપનામો પણ અભ્યાસનો વિષય બની શકે છે, '' ઈચ્છાધારી, નિઃશબ્દ, ફોરમ, ચલ નાચ ફકીરા, ગુપ્ત, પ્રીત, અતીત, અગમ, અલિપ્ત, જાસુદ, મિલન, ધીર, પ્રવાસી, ચેનમ, શમા, દીપ, બિલ્લે, સ્પર્શ, અક્ષર, વાહીદ, વિસ્મય, ભીનાશ, પરવેઝ, ઐક્ય, બિંદુ, સરલ, સહજ, જીરવ, બેહદ, હની, અચરજ, સખી, મહેક અને સરુ... આ બધા ઉપનામો અહીંના સર્જકોના છે. જેમાં તેમની શબ્દ અને સાહિત્ય પ્રત્યેની લાંબી સંઘર્ષયાત્રા પાર કરવાની ખેવનાની અનુભૂતિ થાય છે.

આ દીપોત્સવી અંકનું સંપાદન મહીસાગર સાહિત્ય સભા વતી નરેન્દ્ર જોશી, પ્રવીણ ખાંટ, પીયૂષ પરમાર, રમેશ વાઘેલા, રાજેશ વણકર અને વિનુ બામણીયાએ કર્યું છે. જ્યારે પ્રવીણ દરજી, કાનજી પટેલ અને રમેશ ઠક્કરે માર્ગદર્શન પુરું પાડ્યું છે. આ સર્વ સંપાદકોને તથા માર્ગદર્શકોને ખૂબ ખૂબ અભિનંદન. કેમ કે આ અંક માત્ર દીપોત્સવી અંક નથી રહેવા દીધો પણ એને એક દળદાર સાહિત્યિક ગ્રંથ પણ બનાવ્યો છે. એમાં વપરાયેલ બફ કાગળને કારણે અને તેના ફોન્ટ, એની સાઈઝ, છપાઈ તથા સ્પેસને કારણે આખી છવિ એક ઉત્તમ સાહિત્યિક સામયિક અને ગ્રંથની બને છે. એનું આવરણ અને અંદરના આવરણે આપેલ મશેરી ગીત (લોકગીત)ના અંશ રસપ્રદ તથા આવરણ ત્રણ ઉપર સંસ્થાની પ્રવૃત્તિઓની થોડી તસવીરો આકર્ષક બની રહે છે. તો વળી પાછળના આવરણ અને અંદરના પૃષ્ઠો ઉપર અંકિત શિવાજી મહાડિકના અદભુત ચિત્રો સંપાદકોની કલાકીય સાહિત્યિક સૂઝના દર્શન કરાવે છે.

મહીસાગરની ધરાના સાહિત્ય વિશે જ્યારે પણ કોઈ સંશોધન થશે ત્યારે આ ગ્રંથની નોંધ જરૂર લેવી પડશે. અને સંશોધનકર્તાને આ અંકમાંથી અભ્યાસની અનેક નવી દિશાઓ પણ મળી રહેશે. વળી મહીસાગરના પ્રાદેશિક સાહિત્યમાં આ અંક હંમેશાં યાદગાર રહેશે.

9426060601.india@gmail.com

# વિજ્ઞાન : વાઈરસનું - વેકસીનનું!



**રઝળપાટ**
અજય ઉપાધ્યાય

કોરોનાએ આખી દુનિયાને જાણે કે બાનમાં લીધી છે લગભગ દસેક મહિના અને ચીનમાં પહેલો કેસ આવ્યો એને પણ ગણો તો અંદાજે એક વર્ષથી આ મહામારીએ લોકોનું જીવવું લીટરલી હરામ કરી દીધું છે. નાના દેશોની તો વાત જ જવા દો પણ અમેરિકા જેવા શક્તિશાળી અને પહોચતા – પામતા દેશે પણ કોરોનાના હાહાકાર સામે જાણે કે હાર માની લીધી છે. એકલા અમેરીકામાં જ આ લખાય છે ત્યાં સુધીમાં કુલ ૧.૭ કરોડ કેસો અને ત્રણ લાખથી વધુ મોત થઈ ચૂક્યા છે. ભારતની હાલત છેલ્લા થોડા દિવસોથી અમુક અંશે સુધરી છે છતાં પણ ભારતમાં પણ કુલ કેસનો આંકડો એક કરોડ ને અને મોતનો આંકડો દોઢ લાખે તો પહોચી જ ગયો છે. સરકાર, મેડિકલ તંત્ર અને અમુક કઠોર નિર્ણયોને લીધે થેંક્ર ગોડ કે આપણે અમેરિકા જેવી ખરાબ કંડિશનમા નથી પહોચ્યા પણ કોરોનાને નાથવો હવે એટલા માટે આવશ્યક બની ગયું છે કે લગભગ છેલ્લા ઘણા સમયથી જનજીવન – ધંધા – વ્યાપાર ઓલમોસ્ટ ઠપ્પ જ થઈ ચૂક્યું છે. ભારત સહિત દુનિયાના અનેકો દેશો આર્થિક અને સામાજિક એમ બંને મોરચે એક કપરી લડાઈ લડી રહ્યા છે એવામાં હવે બેક ટુ નોર્મલ લાઈફ જીવવા માટે એક જ વસ્તુનો આધાર બાકી રહ્યો છે અને એ છે કોરોનાની વેકસીન...!

વેકસીન...આ એક જ અમોઘ હથિયાર હવે બાકી રહ્યું છે આપણાં ભાથામાં કોરોનાને હંફાવવામાં – હરાવવામાં અને રાહતની વાત એ છે કે દુનિયાના ઘણા દેશોમાં આ હથિયાર વપરાવાનું શરૂ થઈ પણ ચૂક્યું છે. અમેરીકામાં તો ઓલરેડી વેક્સીનેશન શરૂ થઈ પણ ચૂક્યું છે અને એપ્રિલ સુધીમાં લગભગ દસેક કરોડ લોકો સુધી એટ્લે કે કુલ વસ્તીના ત્રીજા ભાગ સુધી વેકસીન પહોચી જવાનું લક્ષ્ય રખાયું છે. તો ઈંગ્લેન્ડ, ન્યુઝીલેંડ, કેનેડા, યુનાઈટેડ આરબ અમીરાત, રશિયા વગેરે જેવા દેશોમાં પણ વેક્સીનેશન શરૂ થઈ ચૂક્યું છે અથવા થવામાં છે. દુનિયા ઉમ્મીદભરી નજરે આ વેકસીન તરફ જોઈ રહી છે અને અત્યાર સુધી તો એકાદ બે અપવાદને બાદ કરતાં સારા પરિણામો મળી રહ્યા છે. દુનિયા ઉત્સાહ અને ઉમ્મીદમાં છે કે કોરોનાનો ખાતમો હવે હાથવેતમાં છે. જર્મન એશોસિએશન ઓફ રિસર્ચ બેઝ્ડ ફાર્મા કંપનીના એક રિપોર્ટ મુજબ દુનિયાભરમા લગભગ ૧૧૫ જેટલી કંપનીઓ કોરોનાની વેકસીન બનાવવામાં વ્યસ્ત છે. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન (ડબલ્યુએચઓ ) મુજબ આ આંકડો ૧૦૨ છે. આંકડામાં ભલે વિસંગતા હોય પણ હકીકત એ છે કે કોરોનાનો ખાતમો બોલાવવાના પૂરતા પ્રયત્નો દુનિયાભરમાં થઈ રહ્યા છે.

ભારતમાં શું છે વેક્સીનેશનનો ચિતાર એમાં જતાં પહેલા આવો જાણીએ વેકસીનનું વિજ્ઞાન. દુનિયાભરમાં ત્રણ પ્રકારની વેકસીન પર કામ થઈ રહ્યું છે. લાઈવ વેકસીન, ઈનએક્ટિવેટેડ વેકસીન અને ડીએનએ અથવા આરએનએ બેઝ્ડ વેકસીન ( જીન્સ બેઝ્ડ વેકસીન ). કોઈ વાઈરસ જીવતો નથી હોતો એ હમેશા પરાવલંબી હોય છે અને શરીરમાં એને અનુકૂળ વાતાવરણ મળતા જ જીવંત થઈ જાય છે અને પોતાની વસ્તી વધારીને શરીરના કોષોનો નાશ કરવા માંડે છે. એવી જ રીતે બીમારીઓનો મુકાબલો કરવા શરીરમાં રોગ પ્રતિકારક શક્તિ હોય છે જે વાઈરસ પ્રવેશતા જ મુકાબલો કરવા એન્ટિબોડી સ્વરૂપે કામ કરવા માંડે છે લાઈવ વેક્સિન પોતે જ એક વાઈરસ હોય છે પણ સારો વાઈરસ જે શરીરમાં દાખલ થતાં જ પોતાની વસ્તી શરીરના કોષો સાથે મળીને વધારે છે અને એક રોગ પ્રતિકારક મોડ્યુલ નિર્માણ પામે છે. આ વેકસીનમાં બીમારીના વાઈરસ જેવા જ જીનેટિક કોડ અને પ્રોટીન હોય છે જે વ્યક્તિને ખરાબ વાયરસ સામે લડવા મદદ કરે છે. ઈબોલો મહામારીમાં આ પ્રકારની વેકસીન અપાયેલી. ઈનએક્ટિવેટેડ વેકસીનમાં ઘણા બધા વાયરલ પ્રોટીન અને ઈનએક્ટિવેટેડ વાઈરસ હોય છે જે શરીરમાં કોઈ સંખ્યા નથી વધારતા પણ શરીર એને વાઈરસનું આક્રમણ સમજીને એન્ટિબોડી વિકસાવવા માંડે છે એટ્લે અસલ વાઈરસના આક્રમણ વખતે શરીર એનો મુકાબલો કરી શકે છે. આ એક બહુ ભરોષાપાત્ર પ્રક્રિયા છે. પોલિયો, હેપેટાઈટીસ વગેરે વખતે આ જ રીત અજમાવાયેલી. જીન્સ બેઝ્ડ વેકસીનમાં વાઈરસ જેવી જ સંરચના અને એના જેવા જ ડીએનએ હોય છે અને જેવી આ જીનેટિક જાણકારી શરીરના કોષો સુધી પહોચે છે કે તરત જ શરીરમાં રોગ પ્રતિકારક શક્તિ ડેવલપ થવા માંડે છે. ત્રણેયમાથી આ જીન્સ બેઝ્ડ વેકસીન બહુ ઝડપથી અને મોટી સંખ્યામાં ફટાફટ તૈયાર કરી શકાય છે.

ભારત દુનિયાની લગભગ ૬૦% જેટલી વેકસીન બનાવે છે અને આપણે ત્યાં અર્ધો ડઝન જેટલા વેકસીન નિર્માતાઓ છે જેમાનું એક છે સિરમ ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ડિયા જેની વેકસીન છે કોવિશિલ્ડ. આ ઉપરાંત ભારત બાયોટેકની સ્વદેશી કોવેક્સિન પરીક્ષણના ત્રીજા તબક્કામાં છે તો કોવિશિલ્ડ અને કોવેક્સિન સિવાય ઝાયડસની ઝાયકોવિડ અને રશિયાની સ્પૂતનિક-ફ પણ એપ્રિલ સુધીમાં અથવા એનાથી પણ વહેલી ઉપલબ્ધ થઈ જશે. અમેરીકામાં જેની વેકસીન અપાઈ રહી છે અને એના આધાર પર ફાઈઝર ઈન્ડિયા પણ વેકસીન સાથે રેસમાં છે. જો કે એવું લાગે છે કે કોવિશિલ્ડને પહેલા મંજૂરી મળશે. સીરમ ઈન્સ્ટીટ્યૂટે એસ્ટ્રાજેનેકા સાથે વેક્સિનના ૧૦૦ કરોડ ડોઝ બનાવવાની ડીલ કરી છે. સિરમનું માનવું છે કે જો બધુ સમયસર ચાલ્યું તો ઓક્ટોબર સુધીમાં દેશ કોરોનાથી મુક્ત થઈ ચૂક્યો હશે જો કે તંત્ર જુલાઈ સુધીમાં દેશની લગભગ ૩૦ કરોડ જેટલી વસ્તીને વેકસીન આપવાની તૈયારીઓમાં વ્યસ્ત છે.

ભારતમાં પણ વેક્સીનેશનની પ્રાથમિક તૈયારીઓ શરૂ થઈ ચૂકી છે. સૌપ્રથમ વેકસીન જેને મળવાની છે તેવા મેડિકલકર્મીઓ અને ૫૦ વર્ષથી ઉપરના તેમજ ગંભીર બીમારીઓથી પીડાતા લોકોનો ડેટાબેઝ ઓલમોસ્ટ તૈયાર થઈ ચૂક્યો છે. જો કે આટલી બધી વેકસીનમાથી કોઈ એક ને પસંદ કરીને કરોડો લોકો સુધી પહોચાડવી એ એક ભગીરથ કાર્ય છે પણ સરકાર તૈયાર છે. વેકસીનને બહુ નીચા તાપમાને સંગ્રહ કરવી ફરજિયાત છે એટ્લે ૨૯૦૦૦ કોલ્ડ ચેન પોઈન્ટ, ૨૪૦ કુલર, ૭૦ ફ્રીઝર, ૪૫૦૦૦ આઈસ લાઈન રેફરીઝરેટર, ૪૧૦૦૦ ડીપ ફ્રીઝ અને ૩૦૦ સોલાર રેફરીજરેટર તૈયાર છે અને ઓલમોસ્ટ બધા રાજ્યોને આ જરૂરી સાધનો પહોચાડી દેવાયા છે. વેકસીનના સ્ટોરેજ, વિતરણ અને રસીકરણની તૈયારીઓને આખરી ઓપ અપાય રહ્યો છે. જાણે એક યુધ્ધની તૈયારીઓ થઈ રહી હોય એ રીતે વેક્સીનેશનની તૈયારીઓ થઈ રહી છે. ૧૩૦ કરોડની વસ્તીને આવરી લેતા સમય તો લાગશે જ પણ ઉમ્મીદ પર તો દુનિયા કાયમ છે. જો કે વેકસીન હાથવેતમાં છે તો એને લગતી આશંકાઓ પણ છે જ. વેકસીન જલ્દબાજીમાં બની છે તો કારગત નહીં નીવડે પણ આ કેસમાં સરકારે બહુ બધી મંજૂરીઓ ઝડપથી આપી છે એટ્લે જલ્દી બની છે. વેકસીન લીધા પછી પણ એટલિસ્ટ થોડા સમય માટે કમ સે કમ બીજાને ચેપ ના લાગે એટલા માટે પણ માસ્ક પહેરવો જરૂરી બનશે. ઈમ્યુનિટી કાયમી કે કેટલા સમય માટે રહેશે એ અત્યારે કહી શકાય એમ નથી. મોટાભાગની રસી એક ડોઝમાં આપાય છે જ્યારે આ બે ડોઝમાં, એનું કારણ વધુ સુરક્ષા છે. જે હોય તે પણ વેકસીન અત્યારે તો કોરોનાના કાળમુખા કહેરથી બચવાનો એકમાત્ર ઉપાય છે અને સમગ્ર માનવજાતને આશા છે કે કોરોનાનો આ વિકરાળ પંજો આવનારા એકાદ વર્ષની અંદર આ દુનિયા પરથી વિદાય લેશે. તો ૨૦૨૧ ની શરૂઆત સાથે વેકસીનેશન પણ શરૂ થઈ જવાનું ત્યારે આવનારા વર્ષ પાસે થી એક જ આશા રહેવાની અને એ હશે હોપ ફોર ધ બેસ્ટ !!!!